# રિટેલ ફુગાવો વધી ૧૦.૯૧ ટકા

નવી દિલ્હી,તા.૧૨ ફેબ્રુઆરી મહિનામાં રિટેલ ફુગાવો વધીને ૧૦.૯૧ ટકા સુધી પહોંચી ગયો છે. સતત પાંચમાં મહિનામાં રિટેલ ફુગાવો વધ્યો છે. સતત ત્રીજા મહિનામાં પણ ફુગાવો બે આંકડામાં રહેતા સરકાર સામે પણ નવી સમસ્યા ઊભી થઈ છે. શાકભાજી, ખાદ્ય તેલ, પ્રોટીન આધારિત વસ્તુઓની ઊંચી કિંમતના પરિણામ સ્વરૂપે રિટેલ ફુગાવો વધી ગયો છે. જાન્યુઆરી મહિનામાં રિટેલ ફુગાવો ૧૦.૭૯ ટકા હતો. ફુગાવો ડિસેમ્બરમાં ૧૦.૫૬ ટકા હતો. જ્યારે નવેમ્બર મહિનામાં ફુગાવો ૯.૯૦ ટકા હતો. ફેબ્રુઆરી મહિનામાં શાકભાજીની કિંમતમાં પણ ઉલ્લેખનીય વધારો થયો છે. કન્ઝ્યુમર પ્રાઈઝ ઇન્ડેક્સ બનાવનાર તમામ ઘટકોમાં શાકભાજી સાથે સંબંધિત ફુગાવો સૌથી વધુ ૨૧.૨૯ ટકા રહ્યો છે. આજે જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. ત્યારબાદ અનાજ માટેનો ફુગાવો ૧૭.૦૪ ટકા રહ્યો છે. ઇંડા, માંસ, ફીઝની કિંમતમાં આ મહિના દરમિયાન ૧૫.૭૨ ટકાનો વધારો થયો છે. જ્યારે ઓઈલ અને ફેટના વર્ગમાં ફુગાવો ૧૪.૫૬ ટકા રહ્યો છે. ઉપરાંત કઠોળની કિંમતમાં ૧૨.૩૯ ટકા સુધીનો વધારો થયાછે. જ્યારે ખાંડની કિંમતમાં વાર્ષિક આધાર ઉપર ૧૨.૧૦ ટકાનો વધારો થયો છે. આ મહિનાના ગાળા દરમિયાન વસ્ત્રો અને ફૂટવેરની કિંમતમાં ૧૦.૮૭ ટકાનો વધારો થયો છે. શહેરી વિસ્તારોને રિટેલ ફુગાવો અગાઉના મહિનામાં ૧૦.૭૩ ટકાની સામે ફેબ્રુઆરીમાં ૧૦.૮૪ ટકા રહ્યો છે. ગ્રામીણ વસ્તી માટે સીપીઆઈ જાન્યુઆરીમાં ૧૦.૮૮ ટકા સામે આ મહિના દરમિયાન ૧૧.૦૧ ટકા છે. હોલસેલ પ્રાઈઝ ઇન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) ના આંકડા જે ફુગાવા ઉપર આધારિત હોય છે તે ગુરુવારના દિવસે જારી કરવામાં આવનાર છે. ડબલ્યુપીઆઈનો આંકડો જાન્યુઆરી મહિનામાં ૬.૬૨ ટકા હતો જે ૫.૬ ટકાના આરબીઆઈના અંદાજ કરતા ખૂબ ઊંચો છે. આજે જારી કરવામાં આવેલા આંકડા મુજબ વાર્ષિક આધારે ફેબ્રુઆરી મહિનામાં ઘણી ચીજવસ્તુઓની કિંમતમાં વધારો થયો છે. ગુરુવારના દિવસે જારી થનાર આંકડાઓ પર હવે સરકાર અને તમામ સંબંધિત વિભાગોની નજર કેન્દ્રિત થઇ ગઇ છે અને ગણતરી ચાલી રહી છે.

### રિટેલ ફુગાવો સતત વધવાની સાથે સાથે

- રિટેલ ફુગાવો સતત પાંચમાં મહિનામાં વધ્યો
- સતત ત્રીજા મહિને રિટેલ ફુગાવો બે આંકડામાં
- શાકભાજીમાં ફુગાવો ૨૧.૨૯ ટકા
- શાકભાજી, ખાદ્યતેલ અને પ્રોટીન આધારિત ચીજવસ્તુઓ વધી મોંઘી થઈ
- ઈંડા, માંસ અને ફીસની કિંમતમાં ફેબ્રુઆરીમાં ૧૫.૭૨ ટકાનો વધારો
- ઓઈલ અને ફેટમાં ફુગાવો ૧૪.૫૬ ટકા
- કઠોરની કિંમતમાં ૧૨.૩૯ ટકાનો વધારો
- ખાંડની કિંમત વાર્ષિક આધારે ૧૨.૧૦ ટકા વધુ મોંઘી
- વસ્ત્રો અને ફુટવેરની કિંમતમાં ૧૦.૮૭ ટકાનો વધારો
- ગ્રામીણ વિસ્તારમાં રિટેલ ફુગાવો ૧૦.૮૪ ટકા
- હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સના આંકડા ગુરુવારે જારી કરાશે

## બળાત્કાર વિરોધી બીલને કેબિનેટની મંજૂરી ન મળી, એમ્પાવર્ડ કમિટીને રીફર

નવી દિલ્હી, તા. ૧૨ ક્રિમિનલ લૉ (એમેન્ડમેન્ટ) વિધેયકમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દો બાબતની ગેરસમજણને પગલે એન્ટી રેપ લો (બળાત્કાર વિરોધનો કાયદો) પર કાયદાકીય મહોર લાગવવામાં સતત વિલંબ થઈ રહ્યો છે. નોંધનીય છે કે ક્રિમીનલ લો (એમેન્ડમેન્ટ)માં સેક્યયુઅલ અસલ્ટ ના સ્થાને રેપ કરવા સંદર્ભે ઘણા મતભેદો પ્રવર્તી રહ્યા છે. આ સાથે સાથે સેક્સ માટેની સંમતિ માટેની ઉંમર ૧૮ વર્ષને બદલે ૧૬ વર્ષ કરવા બાબતે પણ ભિન્ન પ્રકારના મત-મંતવ્યો ઉઠ્યા છે જેને પગલે સરકારે આજે સતતી બીજી વખત વિધાયકને પસાર કરવા અંગેનો નિર્ણય મુલતવી રાખવો પડ્યો હતો.

પ્રાથમિક તબક્કે આ વિધાયકમાં ફેરફાર માટે એક મંત્રીમંડળની રચના કરવામાં આવી હતી. પરંતુ વિધાયકમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દો સંદર્ભે પ્રવર્તતી ગેરસમજણ ચાલુ રહેતા હવે આ વિધાયકને એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મિનિસ્ટર્સને રિફર કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે મિનીસ્ટ્રી ઓફ વિમેન અને ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેકસ માટેની સંમતિની ઉંમર ૧૮ વર્ષથી ઘટાડીને ૧૬ વર્ષ કરવા તૈયાર નથી. જ્યારે બીજી તરફ હોમ મિનીસ્ટ્રી સેક્સ સંમતિની ઉંમર ૧૮ વર્ષથી ઘટાડીને ૧૬ વર્ષ કરવાનું કહી રહ્યું છે.

ફાઈનાન્સ મિનિસ્ટરથી પી. ચિદમ્બરમને ઈજીઓએએમ ના હેડ તરીકે નિમણુંક કરવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર સરકાર પ્રવર્તમાન વિધાયકમાં ફેરફાર તા. ૨૨ માર્ચ પહેલા કરે એવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સંસદના બંને ગૃહોમાં તા. ૨૨ માર્ચ પછી ઉનાળુ વેકેશન શરૂ થશે. નોંધનીય છે કે લૉ મિનિસ્ટ્રી વિધેયકના શાબ્દિક ફેરફાર બાબતે હોમ મિનિસ્ટ્રી સાથે સહમત નથી. જ્યારે વુમન એન્ડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સેક્સ સંમતિની ઉંમર ૧૮ વર્ષથી ઘટાડીને ૧૬ વર્ષ કરવા સહમત નથી. વિધેયકને સંસદના બંને ગૃહની મંજૂરી મળ્યા બાદ રાષ્ટ્રપતિની મહોર લાગ્યા બાદ તેનો અમલ શરૂ થશે. વિધેયકને આગળ વધારવા સર્વાનુમતિ મળવી જરૂરી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે હવે વિધેયકમાં ખાસ કોઈ મોટો ફેરફાર કરવામાં આવશે નહિ અને તેને ઝડપથી કેબિનેટ સમક્ષ રજૂ કરવામાં આવશે. અગાઉ હોમ મિનીસ્ટ્રીના ક્રિમીનલ લૉ બીલ ૨૦૧૨ અને ઓર્ડીનન્સ ઓન ક્રિમીનલ લૉ ૨૦૧૩માં જસ્ટીસ જે. એસ. વર્માના જણાવ્યા અનુસાર રેપ શબ્દ ગણવામાં આવ્યો હતો. નોંધનીય છે કે દેશની રાજધાની દિલ્હીમાં થયેલા ૧૬ ડિસેમ્બરના રેપ બાદ રેપ બાબતનો કાયદો કડક બનાવવા માટે જનાઆક્રોશ ઉઠ્યો હતો. ત્યાર બાદ રાષ્ટ્રપતિએ આ કાયદાને તા. ૩જી ફેબ્રુઆરીના રોજ સખત બનાવ્યો હતો. આ દરમિયાન રેપ માટે કોઈ પુરુષ કે સ્ત્રી જાતિનો ભેદ રાખવામાં આવ્યો ન હતો. આ વિધેયકમાં રેપ શબ્દની જકયાએ સેક્સ્યુઅલ સેસલ્ટ શબ્દ વાપરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે ઈજઓએમ શક્ય તેટલો ઝડપી ફેરફાર કરીને, આ વિધેયકને કેબિનેટ સમક્ષ રજૂ કરાશે અને ત્યાર બાદ તેને સંસદમાં રજૂ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે વુમન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ મિનીસ્ટ્રી બાળકો દ્વારા થતા સેક્સ સંબંધી ગુનાઓ અને બાળ લગ્ન નાબૂદીના પ્રયાસને પગલે સેક્સ માટેની સર્વાનુમતિની ઉંમર વર્ષ ૧૮થી વર્ષ ૧૬ કરવા માટે ના પાડી રહી છે. પાર્લામેન્ટે પોટેકસન ઓફ ચાઈલ્ડ ફોર્મ સેક્સ્યુઅલ ઓફેન્સિસ એક્ટને ગયા વર્ષે મંજૂર કર્યો હતો. આ દરમિયાન પાર્લામેન્ટ પેનલ અને તજજ્ઞોના મતમંતવ્યો લેવામાં આવ્યા હતા. તેમાં પણ બાળકોનો સેક્સ માટે થતો ઉપયોગ, બાળમજૂરી અને બાળકો દ્વારા થતા ઘરગપ્પા કરવામાં આવતા કામના વિરોધ માટે પણ સેક્સ સંમતિની ઉંમર ૧૮ વર્ષ જ રાખવામાં આવી છે.

## લખનૌ અને શારજહાંની સ્પાઈસની સેવા શરૂ થઈ

નવી દિલ્હી,તા.૧૨ સ્પાઈસ જેટે લખનૌ-શારજહાં વચ્ચે સીધી વિમાની સેવા શરૂ કરી દીધી છે. લો કોસ્ટ એરલાઈન્સ સ્પાઈસ જેટની આ સેવાથી મોટી સંખ્યામાં લોકોને સીધો ફાયદો થશે. સ્પાઈસ જેટના મુખ્ય કારોબારી અધિકારી નીલ મિલ્સે આજે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે લખનૌથી શારજહાં માટે કંપનીએ સૌથી પહેલા ગઈકાલે ઉડાણ ભરી હતી. બંને બાજુથી આ સેવા સપ્તાહમાં ચાર દિવસ સુધી ઉપલબ્ધ રહેશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે સસ્તા દરો પર સેવા ઉપલબ્ધ કરાવવાની પ્રતિષ્ઠાના હેતુથી સ્પાઈસ જેટનો હેતુ વધુને વધુ લોકોને વિમાની સેવા ઉપલબ્ધ કરાવવાનો છે. કંપનીના નેટવર્કમાં લખનૌ ૫૩માં સ્થાને છે. જ્યાંથી સ્પાઈસ જેટની સેવા શરૂ થઈ છે. ભવિષ્યમાં લખનૌથી અન્ય ઘણી જગ્યાઓ માટે પણ વિમાની સેવા શરૂ થશે. મિલ્સે એમ પણ કહ્યુ હતુ કે સ્થાનિક રૂટ પર કંપનીએ લખનૌથી દિલ્હીને જોડવા માટે સપ્તાહમાં ચાર દિવસ સેવા શરૂ કરી છે. મિલ્સે એમ પણ કહ્યુ હતુ કે છેલ્લા ૩૦ મહિનાના ગાળામાં કંપનીએ પોતાના વિમાનોની સંખ્યામાં ૩૦નો વધારો કર્યો છે જે તેની પ્રગતિના સંકેત આપે છે.

## હત્યાના આરોપી સૈનિકોના મામલે ઈટાલીની ગુલાટ : સરકાર નારાજ

નવી દિલ્હી,તા.૧૨ યુપીએ સરકારની પ્રતિષ્ઠાને આજે મોટો ફટકો પડ્યો હતો કારણ કે કેરળના દરિયા કાંઠે બે ભારતીય માછીમારોની ઘાતકી હત્યાના સંબંધમાં આરોપો ધરાવતા બે ઈટાલિયન મરિન જવાનોને મોકલવાની તેની ખાતરીથી ઈટાલીએ પીછેહઠ કરી છે. ઈટાલીએ તેનું વલણ એકાએક બદલી નાંખતા ભારતને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ટ્રાયલનો સામનો કરવા બે મરિનને ભારત મોકલવાનો ઈટાલીએ ઈન્કાર કરી દીધો છે. નવી દિલ્હીએ હજુ સુધી ખૂબજ સાવધાનીપૂર્વકની પ્રતિક્રિયા આપી છે. બીજીબાજુ વડાપ્રધાન મનમોહનસિંહે ઈટાલીના વલણ અંગે જોરદાર નારાજગી વ્યક્ત કરીને કહ્યુ છે કે આને કોઈ પણ કિંમતે ચલાવી લેવામાં આવશે નહીં. હત્યાના આરોપી મરિન જવાનોને ભારતને નહીં સેંપવાને લઈને રાજકીય ગરમી પણ વધી ગઈ છે. વડાપ્રધાન સિંહે કહ્યુ છે કે આને ચલાવી લેવામાં આવશે નહીં. વિદેશ મંત્રી સલમાન ખુરશીદ સાથે મળીને આ મુદ્દે ચર્ચા કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે ઈટાલી સરકારે કહ્યુ છે કે ભારતના બે માછીમારોની હત્યાના આરોપમાં સુનાવણીનો સામનો કરી રહેલા બે નવસૈનિકોને ભારત નહીં સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ મરિન જવાનોને તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ઈટાલીમાં ચૂંટણીમાં મત આપવા માટે સ્વદેશ જવાની મંજુરી આપવામાં આવી હતી. ઈટાલીના બે નવસૈનિકો માસ્સિમિલિઆનો લાટોરે અને સલ્વાતોરે ગિરોને પર ગયા વર્ષે ફેબ્રુઆરી મહિનામાં કેરળના દરિયા કાંઠે બે માછીમારોની હત્યાનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે આ ઈટાલીયન જવાનોને ચાર સપ્તાહ માટે ઈટાલી જવાની મંજુરી આપી હતી જેથી તેઓ મતદાનમાં ભાગ લઈ શકે.

ગઈ વખતે ક્રિસમસની રજા માણવા માટે સ્વદેશ જવાની મંજુરી અપાઈ હતી અને રજા પૂર્ણ થયા બાદ તેઓ ભારત પરત થયા હતા. દરમિયાનમાં એક ચોંકાવનારા ઘટનાક્રમમાં ઈટાલીના વિદેશ મંત્રાલયે ભારતીય અધિકારીઓ પર નવ સૈનિકોને કસ્ટડીમાં લેવાને લઈને આંતરરાષ્ટ્રીય અધિકારોનો ભંગ કરવાનો આક્ષેપ મુકવામાં આવ્યો હતો. એક આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી પાસેથી આ મામલામાં ચકાસણી કરવાનો વિકલ્પ ખુલ્લો છે. દરમિયાનમાં ઈટાલીના રાજદૂતને પણ મરિન કેસના સંબંધમાં બોલાવવામાં આવ્યા છે અને તેમની સાથે આ મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી છે. કેરળના મુખ્યમંત્રી ઓમાર ચંડીએ કહ્યુ છે કે તેઓ દિલ્હી પહોંચીને વડાપ્રધાન અને વિદેશમંત્રી સાથે વાત કરવા જઈ રહ્યા છે. વડાપ્રધાને ખાતરી આપી છે કે મરિન જવાનોને પરત લાવવા માટે રાજદ્વારી ચેનલોનો ઉપયોગ કરવામાં આવશે. વિદેશમંત્રી સલમાન ખુરશીદ અને કાયદામંત્રાલય વચ્ચે ચર્ચા શરૂ થઈ ચુકી છે.

ઈટાલીએ તેના બે સુરક્ષાકર્મચારીઓને ભારત પરત મોકલવાના ઈન્કાર બાદ સલમાન ખુરશીદે કહ્યુ હતુ કે દેશમાં થનાર ચૂંટણીમાં મતદાન કરવા તેમને મોકલવામાં આવ્યા હતા અને દેશનો આ સામુહિક નિર્ણય હતો. આ મામલામાં વધુ અભ્યાસ કરવામાં આવશે.

## ત્રાસવાદને ફરી સજીવન કરવાના પ્રયાસ શરૂ થયા

નવી દિલ્હી,તા.૧૨ બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ જેવા પ્રતિબંધિત આતંકવાદી સંગઠન દ્વારા શિખ આતંકવાદને પુનઃસજીવન કરવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સરકારે ઈન્ટેલિજન્સ અહેવાલને ટાંકીને આ મુજબની માહિતી આપી હતી. લોકસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં ગૃહ બાબતોના રાજ્યપ્રધાન આરપીએમ સિંહે કહ્યુ હતુ કે બ્રિટનમાં બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ જેવા કેટલાક સંગઠનો શિખ આતંકવાદને પુનઃસજીવન કરવાના પ્રયાસ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યુ હતુકે સરકારની તેની પ્રવૃત્તિ પર ચાંપતી નજર રહેલી છે. સરકારે ભારત અને બ્રિટન વચ્ચેની તાજેતરની શિખર બેઠક દરમિયાન વારંવાર બ્રિટન સમક્ષ આ મુદ્દે તેની ચિંતા વ્યક્ત કરી છે. બંને પક્ષો આ સંબધમાં સહકાર વધારવા માટે પણ તૈયાર થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે ખાલિસ્તાન તરફી આતંકવાદી સંગઠન બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ, ઈન્ટરનેશનલ શિખ યુથ ફેડરેશન, ખાલિસ્તાન કમાન્ડો ફોર્સ અને ખાલિસ્તાન જિંદાબાદ ફોર્સ ઉપર પ્રતિબંધ મુકી દીધા છે.

### નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

મહેંક સારૂં પહેરે ઓઢે, સારી રીતે ભણે એમ અમે ઇચ્છતા હતા. જીવ રેડીને તે માટે પ્રયત્ન પણ કરતાં હતા. તેથી એ વગર શીખવડાયે જ મને બાપુ અને સપના ને માં કહેવા લાગી. કુશાગ્રા બુધ્ધિની બાલિકા અમારા જીવનમાં મહેંક પ્રસરી રહી હતી.

સમય વિતતો ગયો. ફ્રોક પહેરતી નાનકડી બાળકી હવે ડ્રેસ અને જીન્સ ટીશર્ટ પહેરવા લાગી હતી. ક્યારેક ચણીયા-ચોળી અને સાડી પણ પહેરતી થઇ ગઇ હતી. એમ.એસસી. ફર્સ્ટ કલાસ પાસ થયા પછી તેનો આત્મવિશ્વાસ એકદમ વધી ગયો હતો. આર્થિક રીતે આત્મનિર્ભર બનવાની તેની ઇચ્છા ને કારણે એ સર્વિસ શોધવા લાગી હતી. એક દિવસ તેને મંઝિલ મળી ગઇ. મયુર કોસ્મેટિક્સ કંપનીમાં તેની સંચાલિકા માધવીની ઓફિસમાં તેની સહાયિકા રૂપે તે નિયુક્ત થઇ ને કામ કરવા લાગી.

મહેંકની વિનમ્રતા અને સંસ્કારીતાથી માધવી પ્રભાવિત થયેલ. કંપનીનો સારો એવો વિકાસ થવા લાગેલો. કામ નિપટાવી જતા રહેતા તેમાં છેલ્લા થોડા વખતથી આવતાં એક વ્યક્તિને એ સંદેહની દૃષ્ટિએ જોવા લાગી. ક્યારેક કામને લીધે તો ક્યારેક અમસ્તાં જ એ મહેંકની કેબિનમાં આવતો, થોડીવાર બેસતો, પછી કંઇક ભૂલી ગયો હોય અને અચાનક યાદ આવી ગયું હોય એમ જતો રહેતો. તેનું આવું વર્તન મહેંકને ગમતું નહીં. પણ બોસને વાત કરવાનું પણ તે યોગ્ય સમજતી ન હતી. આજે મોડેથી એ આવ્યો હતો.

'કંઇ નહીં' તેણે ગભરાઇને કહ્યું.

'જુઓ ઓફિસ બંધ થવાનો ટાઇમ છે. છતાં તમારે કંઇ જોઇતું હોય તો હું વ્યવસ્થા કરી આપું.'

તે વ્યક્તિ કંઇ પણ વિચાર્યા વિના સીધો કેબિનમાં આવીને સામેની ખુરશી પર બેસી ગયો.

'મેડમ મારે તમને કંઇક કહેવું છે.'

'મહેંક ને સંકોચ થયો.'

'બોલો'

'તમારા પપ્પા મારે ઘેર છે.'

'એ તમારો ભ્રમ છે.'


'ના, મેડમ, એવું નથી. તેમને જ મને કહેલું કે આજથી પંદર વર્ષ પહેલાં નદીના ધસમસતા પ્રવાહમાં હું અને મારી પત્ની કુન્તલ તણાઇ ગયેલાં. બહુ ભયાનક એ દૃશ્ય હતું. કુન્તલને હું બચાવી ન શક્યો. અને તણાઇને ઘાયલ બેભાન અવસ્થામાં જયા નીકળ્યો તે જગ્યા અજાણી હતી.' થોડીવાર ચુપચાપ આમ તેમ જોયાં પછી એ ફરી બોલવા લાગ્યો. 'પપ્પા તમને મળવા માંગે છે હું તમને લેવા આવ્યો છું.' કંઇક વિચિત્ર ઘટના ઘટી રહી હતી. આ વ્યક્તિ જે કહે છે તે કદાચ સાચું પણ હોય. પણ હું તેની સાથે એમ જઇ ન શકું. મને ખબર છે કે પ્રશાંત ભાઇ અને સપનાબેન મારાં માતાપિતા નથી. એ લોકો મને મમતા કેન્દ્રમાં રાખવા માંગતા હતાં. સપનાબાનો આગ્રહ કહો કે, મારૂં સદ્ભાગ્ય જેથી મને માબાપનો સ્નેહ મળ્યો, ફક્ત સ્નેહ નહીં હું આત્મનિર્ભર બનું તેવું શિક્ષણ અને સામર્થ્ય પણ તેમણે જ મને આપ્યું... બધું મળી ગયા પછી આ કેવો ગુંચવાડો ઊભો થયો છે. પપ્પાને હું ઓળખી ન શકું એવું તો બને જ નહીં. મને લાગે છે કે ફરીએકવાર ભાગ્યનું ચક્ર કોઇ જુદી જ દિશામાં ફરશે. એવું થશે તો?

(ક્રમશઃ)

- vanvihari@gmail.com

# લોહી-વાળના સેમ્પલ આપવા માટે વિજેન્દ્રનો સ્પષ્ટ ઈન્કાર

ચંદીગઢ,તા.૧૨ પંજાબ પોલીસે ઓલિમ્પિક કાંસ્ય પદક વિજેતા સ્ટાર બોક્સર અને હરિયાણા પોલીસના ડીએસપી એવા વિજેન્દ્રસિંહની સોમવારના રોજ સાડા ત્રણ કલાક સુધી સઘન પૂછપરછ કરી હતી. પંજાબ પોલીસના પ્રવક્તાએ નિવેદન જારી કરતા કહ્યું છે કે, વિજેન્દ્રસિંહે બ્લડ અને વાળનું સેમ્પલ આપવાની ઈન્કાર કરી દીધો છે. મામલાની તપાસ માટે આ સેમ્પલો જરૂરી છે. વધુ પૂછપરછ માટે પંજાબ પોલીસે હરિયાણા પોલીસનો સંપર્ક કર્યો હતો. હરિયાણા પોલીસે પણ વિજેન્દ્રને પંચકુલા સ્થિત એસપી ગુના નિવારણ શાખાના કાર્યાલયમાં બોલાવ્યો હતો જેથી પંજાબ પોલીસને વધુ માહિતી આ કેસમાં મળી શકે. પંચકુલા સ્થિત પોલીસ લાઈનમાં સોમવાર સાંજે વિજેન્દ્રની પૂછપરછ કરવામાં આવી



હતી.

હરિયાણા પોલીસના એસપી એચ.એસ.દુનના કાર્યાલયમાં વિજેન્દ્રસિંહની પૂછપરછ લગભગ સાડા ત્રણ કલાક સુધી પૂછપરછ કર્યા બાદ પંજાબ પોલીસ પરત ફરી હતી. જોકે પોલીસે પૂછપરછ વિશેની માહિતી હરિયાણા પોલીસને આપી નથી. સૂત્રોના જણાવ્યા મુજબ પંજાબ પોલીસે વિજેન્દ્રસિંહ પાસેથી હેરોઈન તસ્કર અનુપસિંહ કાહલોના ઘરની બહારથી મળી આવેલી તેની પત્નીની એન્ડએવર કાર વિશે પ્રશ્નો પૂછ્યા હતાં. આ ઉપરાંત રામસિંહે કરેલા નિવેદન હેરોઈનનો સ્વાદ ઘણીવાર ચાખ્યો હતો તેના વિશે પણ વિસ્તૃત પૂછપરછ કરી હતી. જોકે બાદમાં રામસિંહ પોતાના નિવેદનથી ફરી ગયો હતો અને તેણે જણાવ્યું હતું કે, તેમણે ખૂબજ અલ્પમાત્રામાં દવા સમજી તેનું સેવન કર્યું હતું. પંજાબ પોલીસે તસ્કર કાહલો સાથે ક્યારે સંપર્ક થયો, વિજેન્દ્ર કેટલીવાર કાહલોના ઘરે ગયો તેમજ જપ્ત કરવામાં આવેલ ૧૩૦ કરોડ રૂપિયાના હેરોઈન વિશે પૂછપરછ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ વિજેન્દ્રએ પોલીસને પોતાની પૂછપરછ કરવા મંજુરી આપવાથી ઈન્કાર કર્યો હતો અને તેનો મિત્ર રામસિંહે પણ અગાઉ કરેલા નિવેદનથી વિરુદ્ધનું નિવેદન આપીને જણાવ્યું હતું કે, તેણે અને વિજેન્દ્રએ અવારનવાર ડ્રગ્સનું સેવન કર્યું નથી પરંતુ માત્ર ત્રણ કે ચાર વખત જ તદ્દન અલ્પ માત્રામાં ડ્રગ્સ લીધી હતી.

## દેશના શેરબજારમાં આજે મંદીનો દોર વધુ ૮૧ પોઈન્ટનો થયેલો ઘટાડો

મુંબઈ,તા.૧૨ દેશના શેરબજારમાં આજે મંદીનો દોર રહ્યો હતો. મુખ્ય સેન્સેક્સ ૮૧ પોઈન્ટ ઘટીને ૧૯૫૬૫ અને નિફ્ટી ૨૮ પોઈન્ટ ઘટીને ૫૯૧૪ની સપાટીએ બંધ રહ્યો હતો. મુંબઈ સ્ટોક એક્સચેન્જ (બીએસઈ)ના ૩૦ શેર પર આધારિત સેન્સેક્સ આજે સવારે ૩૦ પોઈન્ટની તેજી સાથે ખુલ્યો હતો અને અંતે ૮૧ પોઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. દિવસના કારોબારમાં સેન્સેક્સ એક વખતે ૧૯૬૯૮ની સપાટી મેળવી હતી. આ ઉપરાંત કારોબાર વેળા જ એક વખતે સેન્સેક્સ ઘટીને ૧૯૫૦૬ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. શેરબજારમાં ઉતાર ચઢાવની સ્થિતિ રહી હતી. સેન્સેક્સના ૩૦ શેર પૈકી નવ શેરમાં તેજી રહી હતી. હિન્દુસ્તાન યુનિલિવરમાં ૧.૧૬ ટકા, તાતા મોટર્સમાં ૦.૯૬ ટકા, જિંદાલ સ્ટીલમાં ૦.૬૨ ટકા, આઈટીસીમાં ૦.૫૯ ટકા અને આરઆઈએલમાં ૦.૪૫ ટકાનો ઉલ્લેખનીય સુધારો રહ્યો હતો. સેન્સેક્સના જે શેરમાં આજે ઘટાડો જોવા મળ્યો હતો તેમાં તાતા પાવરમાં ૩.૧૨ ટકા, ભારતી એરટેલમાં ૨.૧૩ ટકા, ભેલમાં ૨.૧૨ ટકા, એચડીએફસી બેંકમાં ૧.૭૯ ટકા, સ્ટરલાઈટ ઈન્ડસ્ટ્રીઝમાં ૧.૫૫ ટકા જેટલો ઘટાડો રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શેર આધારિત નિફ્ટીમાં ૨.૨૫ પોઈન્ટની તેજી સાથે શરૂઆત થઈ હતી અને અંતે ૨૮ પોઈન્ટના ઘટાડા સાથે નિફ્ટી બંધ રહ્યો હતો. દિવસના કારોબારમાં નિફ્ટી એક વખતે ૫૯૫૨ની ઉંચી સપાટી અને ૫૮૯૪ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ઘટાડો નોંધાયો હતો. મિડકેપમાં ૪૧ પોઈન્ટનો ઘટાડો થતા તેની સપાટી ૬૪૬૦ નોંધાઈ હતી. જ્યારે સ્મોલકેપમાં ૩૪ પોઈન્ટનો ઘટાડો નોંધાતા તેની સપાટી ૬૪૬૦ નોંધાઈ હતી. બીએસઈના કુલ ૧૩ પૈકી બે સેક્ટરોમાં ઉલ્લેખનીય તેજી જોવા મળી હતી. બીએસઈ કારોબારમાં આજે નકારાત્મક સ્થિતિ રહી હતી. કુલ ૧૨૦૫ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૬૮૮ શેરમાં મંદી રહી હતી. ૧૨૮ શેરના ભાવમાં કોઈ ફેરફારની સ્થિતિ નોંધાઈ ન હતી.

## તોમરના મોત મામલામાં આઠ લોકોને ક્લીન ચીટ

નવી દિલ્હી,તા.૧૨ એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં દિલ્હી પોલીસે ગયા વર્ષે ઈન્ડિયા ગેટ ખાતે બળાત્કાર વિરોદી આંદોલન દરમિયાન કોન્સ્ટેબલ સુભાષ તોમરના મોતના સંબંધમાં ધરપકડ કરવામાં આવેલા આઠ લોકોને આજે ક્લીનચીટ આપી દીધી હતી. દિલ્હી પોલીસે આજે હાઈકોર્ટમાં કબૂલાત કરી હતી કે તોમરના મોત સંબંધમાં જે આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે તે નિર્દોષ છે તેમના મોત સાથે કોઈ લેવાદેવા નથી. દિલ્હી પોલીસના કોન્સ્ટેબલ તોમરનું ૨૩મી ડિસેમ્બરના દિવસે ઈન્ડિયા ગેટ ખાતે દેખાવકારો સામે કાર્યવાહી કરવામાં આવી ત્યારે મોત થયુ હતુ. હત્યા અને હિસાના મામલામાં આઠ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

## સમાચાર ઝલક

- કોઇ છેડતી કરે તો વિરોધ ન કરો, બે લાફા ઝીંકી દો : પવાર.
- આઝાદ કાશ્મીરમાં તથા પાકમાં ચાર હજાર ત્રાસવાદીઓ સક્રિય.
- ગેસધારકોએ ગેસના બાટલા જમા કરાવવા ફરજિયાતથી આ અંગેનો કોઇ પરિપત્ર થયેલ નથી.
- અફઘાન અભિનેતા નજર મોહંમદ દક્ષિણ અફઘાનિસ્તાને કરેલા હવાઇ હુમલામાં માર્યો ગયો.
- કર્ણાટકમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપનો સફાયો.
- ડ્રગ લેવાનો આરોપ સાબિત થાય તો પણ બોક્સર વિજેન્દ્રસિંગને સજા નહીં થાય.
- ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ એડમિશન ટેસ્ટમાં ભારતીય મહિલાની સંખ્યા ૬૦ ટકા સુધી વધી.
- ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી જાહેરાતો પર સરકારની બાજ નજર.
- ગુજરાતની જેલો - ગુંડા-માફિયાઓનો અડ્ડો, દરેક સુવિધાનો મેનુ નિશ્ચિત.
- ગુજરાતમાં આંગણવાડીના લોટમાં જીવાત : કેગનો અહેવાલ.
- તિબેટીયન કૂતરાની કિંમત રૂા. ચાર કરોડ.
- ગુજરાત દેશનું સૌથી વધુ સૂર્ય-વીજ ઉત્પાદન કરતું રાજ્ય, ચીનથી પણ આગળ.
- મહિલા સુરક્ષા કાનૂનમાં સર્વસંમતિ સાધી શકાઇ નહિ.
- મુંબઇ બોમ્બ ધડાકાને ૨૦ વર્ષ પૂર્ણ થયા.
- નિર્ભય મિસાઇલનું પરીક્ષણ બંધ રહ્યું.
- મથુરામાં રોડ અકસ્માતમાં ૧૨નાં કરૂણ મોત.
- બાંગ્લાદેશમાં હિંસા ચાલુ છે, આગના બનાવો.
- મોંઘવારીના દરમાં વધારો નોંધાયો.
- પાકિસ્તાની દરિયાઇ ચાંચીયાગીરી, ભારતીય ૯૦ માછીમારોનું અપહરણ.